## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




લો બેટા આ તારી સ્કુલ... હવે હુ તને બહુ નહી મળી શકુ... તારી ફી ભરવા મારે બે શિફ્ટમાં કામ કરવુ પડશે..!!

# ચંદ્રાલા નાકા પોઈન્ટ પર લકઝરી બસમાંથી પિસ્ટલ સાથે બે શખ્સ ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ચિલોડા પોલીસ મથકના ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન હિંમતનગર તરફથી આવી રહેલી ટ્રાવેલ્સની લકઝરી બસને સાઈડમાં ઉભી રખાવી ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. ત્યારે ખાનગી બસમાંથી પિસ્ટલ સાથે બે શખ્સો ઝડપાતા ચિલોડા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના પીઆઈ એ.એ.અસારી સહિતની ટીમના સભ્યો ચંદ્રાલા નાકા પોઈન્ટ આગમન હોટલ સામે હિંમતનગર તરફથી આવતા વાહનોનું ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન કિષ્ના ટ્રાવેલ્સની બસને સાઈડમાં ઉભી રખાવી હતી. ડ્રાઈવર-કંડકટરને પુછપરછ કરતા બસ જયપુર થી અમદાવાદ જઈ રહી હતી. ત્યારબાદ પોલીસે મુસાફરોના સામાનની તલાશી લેવાનુ શરુ કર્યું હતું. તે સમયે બસની પાછળની સીટમાં સ્લીપર કોચમાં બેઠેલા બે યુવકોની હિલચાલ શંકાસ્પદ જણાઈ હતી. જેથી પોલીસે બંન્ને શખ્સોના નામ એડ્રેસ અંગે પુછપરછ કરતા સોનવીરસિંહ રણવીરસિંહ ચૌધરી



(રહે.નવાલ અંતા ગામ, જી હાથરસ ઉતરપ્રદેશ), અભિષેક તેમસિંહ ચૌધરી (રહે. કોરના ચમરૂઆ ગામ તા.જી.હાથરસ ઉતરપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું. તેમની પાસે રહેલ થેલો ચેક કરવા માટે ખોલીને જોતા તેમાંથી લોખંડ જેવી ધાતુની બનાવટની મેગઝીનવાળી પિસ્ટલ (માઉઝર) મળી આવી હતી. પિસ્ટલ અંગે કડક પુછપરછ કરતા તે ઉના ગામના વતની જયેશ પીરૂભાઈ વાંજા (કોળી)એ મંગાવી હતી. જેથી પિસ્ટલ આપવા બંને નીકળ્યા હતા. પોલીસે રૂ.૨૫ હજારની પિસ્ટલ, બે મોબાઈલ કિં.૧૦ હજાર, બે મોબાઈલ ફોન તેમજ રૂ.૫ હજાર રોકડા મળી કુલ રૂ.૩૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

●આગામી શાળા પ્રવેશોત્સવને ભવ્ય બનાવવાના ઉદ્દેશને અનુલક્ષીને જિલ્લા અને શહેર વહીવટીતંત્ર દ્વારા સઘન તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

● મહાનગરપાલિકાના એક હોદ્દેદાર તેમના બંગલાના આગળના ભાગે પાણી છાંટવામાં વધુ પડતાં પાણીનો વ્યય કરતાં હોવાથી તેમના પડોશીઓમાં નારાજગીનો સૂર પ્રવર્તી રહ્યો છે.

●શહેરમાં ત્રણ દિવસ પૂર્વે આવેલા વાવાઝોડાને પગલે કેટલાંક સેક્ટરમાં મુખ્ય માર્ગો પર અમુક સ્ટ્રીટ લાઈટો બંધ થઈ જવા પામી છે જેના કારણે નાગરિકો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે.

●શહેરના સે.૨૧માં પાર્કિંગ સહિતના વિવિધ સ્થળોએથી દબાણો દૂર કરાતાં નાગરિકો અને વાહનચાલકો રાહત અનુભવી રહ્યાં છે.

●શહેરમાં વૃક્ષારોપણ પ્રવૃત્તિ વેગ પકડી રહી છે અને કોરોના મહામારીમાં સર્જાયેલી ઓક્સિજનની અછતને પગલે પ્રાણવાયુનુ વધુ ઉત્સર્જન કરતાં હોય તેવા વૃક્ષો વાવવાનો ટ્રેન્ડ વધતો જાય છે.

●ન્યુ વાવોલ વિસ્તારમાં રોડરસ્તાંના વિલંબિત અને બાકી કાર્યો ફરી શરૂ કરાયાં છે અને તેને ચોમાસું વિધિવત બેસે તે પહેલાં પુરા કરવા ગુડા દ્વારા કમર કસવામાં આવી છે.

●સચિવાલય પાછળના ભાગે મેટ્રોના કામના કારણે છ રોડ બંધ હોવાથી સરકારી કર્મચારીઓને સે.૨૧ના માર્કેટ સહિતના સ્થળે જવામાં ફરીને જવું પડે છે જેથી પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

## વડીલને રીક્ષામાં બેસાડી ટોળકીએ રૂ.૪૦ હજાર સેરવી લીધા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં રીક્ષામાં બેસાડી મુસાફરોના ખીસ્સા હળવા કરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના ખ-૭ થી ક-૭ તરફ જતા માર્ગ પર પેસેન્જરને રીક્ષામાં બેસાડી ટોળકીના સભ્યોએ વડીલના ખિસ્સામાંથી રૂ.૪૦ હજારથી વધુ સેરવી લીધા હતા. વતનમાં ઘર બનાવવા માટે વડીલ મહેસાણા જઈ રહ્યા હતા. ત્યારે રાંધેજા જવા માટે રીક્ષામાં બેઠા હતા. તે સમયે બનાવ બનતા વડીલે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. મળતી વિગત મુજબ મહેસાણાના અંબાસણ ગામના વડીલ વિઠ્ઠલભાઈ આત્મારામ વાઘરી હાલમાં ક-૭ પાસેના છાપરામાં પરિવાર સાથે રહે છે.વતનમાં ઘર બનાવવાનું હોવાથી રૂપીયા લઈને વિઠ્ઠલભાઈ ગતરોજ સવારે મહેસાણા જવા માટે ઘરથી નિકળ્યા હતા. તે સમયે ખ-૭ (સમર્પણ સર્કલ) પાસે રીક્ષાની રાહ જોઈ રહ્યા હતા. સેકટર-૨૮ તરફથી એક સીએનજી રીક્ષા આવતા તેમણે હાથ લાંબો કર્યો હતો. જેથી રીક્ષા ઉભી રહી હતી અને વડીલ પાછળની સીટમાં બેઠા હતા.જયાં અગાઉથી એક મહિલા અને બે શખ્સ બેઠા હતા.ત્યારે ખ-૭ થી ક-૭ આવતા રીક્ષાની પાછળની બાજુએ બેઠેલા ત્રણેય જણા રીક્ષામાં બેસતા ફાવતુ નથી. આ કાકાને નીચે ઉતારી દો તેમ કહેતા વિઠ્ઠલભાઈને રીક્ષામાંથી ક-૭ પાસે ઉતારી દઈ રાંધેજા તરફ નીકળી ગયા હતા.ત્યારબાદ વિઠ્ઠલભાઈ ખિસ્સામાં ચેક કરતા હાથ નાંખતા પ્લાસ્ટીકની કોથળીમાં રબર ભરાવી મુકેલા રૂ.૪૦,૫૩૦ રાખેલી થેલી મળી આવી ન હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૯ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આયોજિત સંપર્ક થી સમર્થન અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ ગતરોજ તેમના વતન જાખોરા ખાતે ગામના સિનિયર સામાજિક આગેવાનો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ અવસરે મેયર એ સૌને સરકારની જનકલ્યાણકારી યોજનાઓ અને સિદ્ધિઓ વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે ગાંધીનગર જીલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ અને ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

## ઘ-૩ સર્કલ પાસેથી મહિલાના ગળામાંથી બે તોલાનો દોરો તુટ્યો

ગાંધીનગર, તા.૬

શહેરના ઘ-૩ સર્કલ થી ચાલતા જતા મહિલાના ગળામાંથી બે તોલાનો સોનાના દોરો તોડી ચેઈન સ્નેચર ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજ ની તપાસ હાથ ધરી હતી.

શહેરના હાર્દ સમા ઘ-૩ વિસતારમાંથી ભર બપોરે મહિલાના ગળામાંથી દોરો તુટતા હાહાકાર મચી જવા પામ્યો છે. મળતી વિગત મુજબ જામ કંડોરણના ચરેલ ગામના વતની સોનલબા અરવિંદસિંહ ગાંડુભા જાડેજાનું પિયર ગાંધીનગરનું પાલજ ગામ થાય છે.

પાલજ ગામથી બસમાં બેસી સોનલબા, તેમની દિકરી અને માતા હંસાબા એસટી ડેપોમાં આવ્યા હતા. સેકટર-૨૬માં જવા માટે ત્રણેય જણા ચાલીને વિટકોસ બસ સ્ટેન્ડ તરફ જઈ રહ્યા હતા. તે સમયે ઘ-૩ સર્કલ પસાર કરી રહ્યા હતા તે સમયે અચાનક એક શખ્સ તેઓની પાસે ગયો હતો.

તેઓ કંઈ સમજે કે વિચારે તે પહેલા શખ્સ બે તોલાનો દોરો તોડી નાસી ગયો હતો.જેથી બે તોલાનો દોરો તુટતા મહિલાએ હોહા કરી મુકી હતી. પરંતુ તે પહેલા ચેઈન સ્નેચર ભાગી છુટવામાં સફળ રહ્યો હતો.




ઉનાળાની કાળઝાળ ગરમી વરસી રહી છે. જેથી આગના બનાવમાં પણ વધારો જોવા મળ્યો છે.ગાંધીનગર શહેરના કોબા પાસે કે રાહેજા માર્ગ શ્રી ગણેશ રોયલ નામની બાંધમકામ સાઈટની ઓફિસમાં રાત્રીના સમયે એસીમાં શોર્ટસર્કિટ થતા આગ લાગી હતી. આગની જાણ થતા ફાયર ટીમના જવાનોએ પહોંચી જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે ઓફિસમાં રહેલો કેટલોક સામાન બળીને ખાક થઈ ગયો હતો.

## આદીવાડા પાસે લીફ્ટ આપનાર યુવકને બે શખ્સોએ લુંટી લીધો

ગાંધીનગર, તા.૬

શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. શહેરમાં ઘરફોડ ચોરી, વાહનચોરી, લુંટ, તેમજ મારામારી સહિતના કિસ્સા સામાન્ય બની ગયા છે. પોલીસનો જાણે ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે.ત્યારે આજે આદીવાડા થી લીફ્ટ માંગીને બેઠેલા બે શખ્સોએ સે-૨૮ જીઆઈડીસી નજીક શ્રમિક યુવકને માર મારી મોબાઈલ, બાઈક અને રોકડ લુંટી લીધી હતી. ત્યારે બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ મુળ રાજસ્થાનના ડુંગરપુરના વતની ૨૩ વર્ષિય સોમેશ્વર કેઉવા કોટેડ (આદીવાસી)ઘરઘાટી તરીકે સેકટર-૩ ખાતે કામ કરે છે. તેની પત્ની વતનમાં ગઈ હોવાથી સોમેશ્વર હાલમાં એકલો આદિવાડામાં રહે છે. ગત તા.૩ જુના રોજ રાતના દશ વાગે સોમેશ્વર સેકટર-૩ માં કામ પુરુ કરીને બાઈક લઈને ઘરે જવા નીકળ્યો હતો. તે સમયે આદીવાડા ત્રણ રસ્તા નજીક બે અજાણ્યા છોકરાઓએ હાથ કરી બાઈક ઉભુ રખાવ્યું હતું. તેઓએ જીઆઈડીસી ખાતે ઉતારી દેવા માટે જણાવ્યું હતું. જેથી સોમેશ્વરે બંન્ને લીફ્ટ આપી હતી. સોમેશ્વર સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં રેલ્વે લાઈન નજીક બાઈક ઉભુ રાખ્યું હતું. તે બંને યુવકોને ઉતારી ઘર તરફ જઈ રહ્યો હતો તે સમયે અચાનક બંને છોકરાઓએ સોમેશ્વરને પકડી પાડ્યો હતો. જેમાં એક યુવકે સોમેશ્વરને મોંઢાના તેમજ માથાના ભાગે મુક્યા માર્યા હતા. જેથી સોમેશ્વરનો બે દાંત તુટી ગયા હતા.જયારે હોઠ ચિરાઈ જતા સારવાર લેવી પડી હતી. ત્યારબાદ બંને લુંટારૂઓ બાઈક-મોબાઈલ અને રોકડ લુંટી જતા રહ્યા હતા. તેઓએ જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી ગંભીર રીતે ઘાયલ સોમેશ્વર ચાલતો ચાલતો મેઈન રોડ પર આવ્યો હતો. ત્યારબાદ રીક્ષામાં બેસી સિવિલ સારવાર માટે ગયો હતો. બનાવથી ગભરાઈ જતા તેના જીજાજીના ઘરે ગયો હતો.જયારે બનાવની જાણ થતા પરિવારજનો પણ દોડી આવ્યા હતા. બનાવને પગલે સેકટર-૨૧ પોલીસે સોમેશ્વરની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## શાળાઓ શરૂ થતાં શહેર ફરી જીવંત થઈ ઉઠ્યું..!!



ગાંધીનગર તા.૦૬

ગાંધીનગરમાં ઉનાળુ વેકેશન બાદ આજે ફરી શહેરમાં શાળાઓ શરૂ થઈ ગઈ છે અને બાળકોના કિલ્લોલ ભર્યા કોલાહલથી ફરી શહેરના શાળા સંકુલો ગૂંજી ઉઠ્યાં છે. શહેરમાં આજે સવારના પિકઅવર્સ દરમ્યાન સ્કૂલવાનોનો પણ ઉમેરો ઉંમર થતા શહેરના માર્ગો પર ટ્રાફીકમાં વધારો જણાયો હતો તેમજ શહેરના શૈક્ષણિક સંકુલોની આસપાસ પણ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. આજે અનેક વાલીઓ પોતાના બાળકોને શાળાએ મુકવા માટે આવ્યા હતા અને મા બાપની આંગળી ઝાલીને ભુલકાંઓ હોંશે હોંશે શાળાઓમાં પહોંચ્યા હતા જ્યાં શિક્ષકોએ તેમનું ઉમળકાભેર સ્વાગત પણ કર્યું હતું. શાળાઓ શરૂ થઈ જવાથી ઉનાળુ વેકેશનમાં શાંત પડી ગયેલું શહેર ફરી જીવંત થઈ ઉઠ્યું છે.

## રાંધેજા ખાતે આંગણવાડી રિનોવેશન કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

ગાંધીનગર તા.૦૬

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના પેથાપૂર, રાંધેજા, કોલવડા, વાવોલમાં રૂ. ૨.૭૬ કરોડના ખર્ચે આંગણ વાડી રિનોવેશન અને નવી બનાવવાની કામગીરી થનાર છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણાના વરદ હસ્તે રાંધેજા ખાતેની આંગણ વાડી રિનોવેશન કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ અવસરે મેયર એ જણાવ્યું હતું કે આંગણવાડી કેન્દ્ર બાળકોને પાયાનું શિક્ષણ પૂરું પાડે છે ત્યારે દરેક બાળકને અદ્યતન સુવિધાઓ પુરી પાડવા અમે કટિબદ્ધ



છીએ. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારા સભ્ય રીટાબેન પટેલ, શહેર અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ ,ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ ચેરમેન જશવંતભાઈ પટેલ, મહામંત્રી, સંગઠનના હોદેદારો, કાઉન્સિલર તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## બાલાસોર ટ્રેન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ




ગાંધીનગર તા.૦૬

ગાંધીનગરના સેક્ટર-૧૩ ખાતેના સિનિયર સિટીઝન ગ્રુપ દ્વારા ઓરિસ્સા રાજ્યમાં બાલાસોર જિલ્લામાં ટ્રેન દુર્ઘટનામાં માર્યા ગયેલા જીવાત્માઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી તેમજ ઘાયલ મુસાફરો ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

## કલેકટર કચેરી ખાતે બાયસેગ પ્રસારણનું આયોજન કરાઈ




ગાંધીનગર,તા.૦૬

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૩ ના આયોજન સંદર્ભે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા બાયસેગ પ્રસારણનું આયોજન કલેક્ટર કચેરી, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી શાળાઓની સિદ્ધિ અને ભવિષ્યના આયોજન સાથેનું પ્રેઝન્ટેશન નિહાળ્યું તેમજ મુખ્યમંત્રી એ આપેલ સૂચનો ધ્યાને લીધા હતાં. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.ચેરમેન જશવંતભાઈ પટેલ, કલેકટર હિતેશભાઈ કોયા, અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હજી સરકારનો વિકાસ થવાનો ચાલુ છે,એમાં વન વિભાગ આગળ નિકળી ગયું



ગાંધીનગર,તા.૦૬

શહેરમાં માર્ગ અકસ્માતોનો દોર વધ્યો છે જેમાં હવે વાહનો અને વૃક્ષો વચ્ચે ટક્કર થઈ રહી છે.જેમાં કચ્ચરઘાણ જેવી સ્થિતિ અહીંયા વાહનો ની જ થઈ રહી છે. માર્ગો પર ઘણી જગ્યાએ સુડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ છે જ્યાં વૃક્ષો ને માર્ગો ની વચ્ચે રાખવામાં આવતા વાહનો ની ટક્કર થવાના બનાવો બની રહ્યા છે.

## સર્વ નેતૃત્વના યુવાનો પર્યાવરણ દિવસની ઉજવણીમાં જોડાયા




ગાંધીનગર,તા.૦૬

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ગીર ફાઉન્ડેશન દ્વારા એક દિવસીય પર્યાવરણ અને પ્રકૃતિલક્ષી સેમિનારનુંઆયોજન કરાયુંહતુંજેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વના કડી અને ગાંધીનગરની વિવિધ કોલેજોમાંથી ૨૫ યુવાનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને પર્યાવરણની સુરક્ષા અને જાળવણી માટે કટિબદ્ધતા દર્શાવી હતી.

સમગ્ર કાર્યક્રમમાં તમામ યુવાનોને વન્ય પ્રાણીઓ-પક્ષીઓથી લઈ વિવિધ વનસ્પતિઓ, પર્યાવરણને કઈ રીતે જાળવણી કરી શકાય સાથે ગીર ફાઉન્ડેશન દ્વારા કરવામાંઆવતી કામગીરીની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે તમામ યુવાનોને ઈન્દ્રોડા નેચરપાર્કની મુલાકાત કરાવી હતી અને દરેક વિદ્યાર્થીને પર્યાવરણ પ્રકૃતિલક્ષી સાહિત્ય અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ગીર ફાઉન્ડેશનના ડાયરેક્ટર આર. કે. સુગુર, ભાવેશભાઈ ત્રિવેદી, આલાપભાઈ પંડિત, શુક્લા સાહેબ વગેરે ઉપસ્થિત રહ્યા હતા યુવાનોને પ્રેરણા પુરી પાડી હતી. સર્વ વિદ્યાલય વતી કાર્યક્રમનું સંકલન ડો. ધર્મેન્દ્ર પટેલ અને પ્રા. સુરજ મુંજાણી દ્વારા કરવામાં આવ્યું હતું.